સાત દિવસમાં RC બુક મળવાના દાવા, ૧૫ દિવસે પણ મળતી ન હોવાના આક્ષેપ

RC બુક કંપનીના વાંકે અમદાવાદની ત્રણેય RTOમાં ૫૨ હજાર આરસી બુકનો ઢગલો

વાહન માલિકોને R.C.બુક શોધવા RTO અને પોસ્ટ વિભાગમાં વારંવાર ધક્કા ખાવા પડે છે

। અમદાવાદ ।

વાહનના મહત્વના પુરાવા RC બૂક એકવાર રિટર્ન ગયા પછી મળી જાય તો સારુ. પરંતુ ના મળે તો વાહન માલિકોને RC બૂક શોધવા આરટીઓ કચેરી અને પોસ્ટ વિભાગમાં ધક્કા ખાવા પડે છે. RC બૂક કંપનીના વાંકે હાલ અમદાવાદની ત્રણેય આરટીઓ કચેરીમાં અંદાજે ૫૨ હજાર આરસીબૂકનો ઢગલો પડયો છે. આરટીઓના સર્વરમાં વાહનનું રજિસ્ટ્રેશન થાય તેના સાત દિવસ પછી RC બૂક વાહન માલિકના ઘરે પહોંચડવાનો નિયમ છે. પરંતુ ૧૫થી ૨૦ દિવસે RC બૂક પહોંચાડવામાં આવે છે. જેની સામે કોઇ પગલાં પણ ભરાતા નથી. એટલે કંપની પોતાની રીતે અને સમય RC બૂક ડિસ્પેચ કરે છે. સ્થાનિક આરટીઓ પણ સત્તા નહીં હોવાનું રટણ કરીને અરજદારોનું સાંભળતા નથી.

RC બૂક કંપનીમાંથી વાહન માલિકના સરનામા પર RC બૂક મોકલવામાં આવે છે. પરંતુ અધૂરા સરનામું અથવા ઘર બંધ હોય તેવા કિસ્સામાં RC બૂક રિટર્ન થાય છે. આવી રિટર્ન આવેલી અંદાજે ૫૨ હજારથી વધુ RC બૂક અમદાવાદની ત્રણેય આરટીઓ કચેરીમાં પડી છે. આમાંથી સૌથી વધુ સુભાષબ્રિજ આરટીઓમાં વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધીમાં ૪૦ હજાર RC બૂક રિટર્ન આવીને પડી છે. આરટીઓમાં રિટર્ન આવતી રોજની ૭૦ RC બૂકમાંથી ૪૦ ડિસ્પેચ થાય છે. વસ્ત્રાલ એઆરટીઓમાં પણ રોજ ૭૦થી વધુ રિટર્નની સામે ૪૦ RC બૂક ડિસ્પેચ થાય છે. હાલની સ્થિતીએ આરટીઓમાં અંદાજે ૧૦ હજાર RC બૂક પડી છે. જ્યારે બાવળામાં અંદાજે બે હજાર RC બૂક પડી છે. રિટર્ન આવતી RC બૂક બંધ થાય તે માટે ઉચ્ચ અધિકારીઓએ ખાસ તકેદારી રાખવી જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં કડવો અનુભવ થયા બાદ એક સિનિયર સિટીઝને રોષ વ્યક્ત કરતાં કહ્યું કે, રિટર્ન RC બૂક લેવા માટે લોકો બાવળા એઆરટીઓ ખાતે જાય ત્યારે સ્ટાફ વહેલો ઘરે જતો રહે છે. ગ્રામ્યના નવ તાલુકામાંથી બાવળા કચેરી ખાતે રિટર્ન RC બૂક લેવા માટે આવે ત્યારે સ્ટાફના અભાવે પરત જવું પડે છે.

ડાયરેક્ટોરેટ ઑફ પ્રોસિક્યુશનનો તમામ CP-SPને કડક પત્ર

ખૂબ કેસો પડતર છે, તપાસ અધિકારીને કહો જુબાની આપવા જાય

મેજિસ્ટ્રેટથી માંડી સેશન્સ કોર્ટોમાં અનેક કેસો આ જ કારણે પડતર

। અમદાવાદ ।

ફોજદારી કેસોમાં તપાસ કરનાર અધિકારીઓ જુબાની આપવા જતા નહીં હોવાથી ઘણા લાબા સમયથી કેસો પડતર છે. જે અંગે ડાયરેક્ટોરેટ ઑફ પ્રોસિક્યુશના ડાયરેક્ટરએ રાજયના તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા પોલીસ વડાને પત્ર લખીને પ્રોસિક્યુશનની કાર્યવાહી ઝડપી પુરી કરવા માટે તાકીદ કરી છે. ડાયરેક્ટર ઑફ પ્રોસિક્યુશના ડાયરેક્ટર અંબાલાલ આર. પટેલે લખેલ પત્રમાં એવો ઉલ્લેખ કર્યો છે કે, રાજયની સેશન્સ કોર્ટો, ચીફ જયુડીશનયલ, એડી. ચીફ જયુડિશિયલ સહિતની કોર્ટોમાં ફોજદારી કેસોમાં અસંખ્ય કેસો એવો છે કે, તપાસ કરનાર અધિકારીની જુબાની નોંધવા માટે પડતર છે. અદાલતો તરફથી ફોજદારી કેસોના તપાસ કરનાર અધિકારીઓને સમસન્સ અથવા બીન જામીનલાયક વોરંટ કાઢવાની ફરજ પડે છે. જેના લીધે ઈન્સાફી કાર્યવાહીમાં ઘણો વિલંબ થતો હોય છે. નીચલી કોર્ટોમાં તપાસનીશ અધિકારીઓને સમન્સો કાઢવામાં આવ્યા ત્યારે એક યા બીજા કારણોસર તેઓ કોર્ટમાં જુબાની આપવા માટે પરવાનગી આપવામાં આવતી નથી. , જુબાની આપવા માટે છુટા કરવામાં આવતા નથી. જેના લીધે કેસોના નિકાલ કરવા કોર્ટોને ઘણી અગવડતાઓ થાય છે અન પક્ષકારોને બિનજરૂરી ધક્કાઓ ખાવા પડે છે. ડાયરેક્ટર ઑફ પ્રોસિક્યુશનાના ડાયરેકટરએ પત્રમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે,એ.એસ.આઈ થી માંડીને ડીવાયએસપી સહિતના પોલીસ અધિકારીઓને કોર્ટમાંથી જુબાની માટે સમન્સ આપવામાં આવે તો પ્રથમ મુદતે જુબાની આપવા માટે પરવાનગી આપવી જોઈએ.

AICTEએ કોલેજોની મંજૂરી સહિતની પ્રક્રિયા માટે સુધારા ડ્રાફ્ટ જાહેર કર્યો

ટેક્નિકલ કોલેજોમાં હવે એક્સ્પર્ટ કમિટીના બદલે ઓનલાઈન તપાસ પ્રક્રિયા થશે

તાજેતરમાં જાહેર કરેલા ૩ વર્ષના કોમન નિયમોમાં ખામીઓ જણાતા સુધારો કરાયો

। અમદાવાદ ।

ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE) દ્વારા કોલેજોની મંજૂરી સહિતની પ્રક્રિયા માટે નવો સુધારા ડ્રાફ્ટ જાહેર કરાયો છે. નવા ફેરફાર મુજબ હવે ટેક્નિકલ કોલેજોમાં એક્સ્પર્ટ કમિટીના બદલે તપાસ કાર્યવાહી ઓનલાઈન જ હાથ ધરાશે. તાજેતરમાં જાહેર કરેલા ત્રણ વર્ષના કોમન નિયમોમાં ખામીઓ જણાતા કેટલાક સુધારા કરવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે. AICTE દ્વારા નવી કોલેજોની મંજૂરી, હયાત કોલેજોની રિન્યુઅલ પરમિશન, બેઠક વધારા-ઘટાડો અને નવા કોર્સની મંજૂરી સહિતની પ્રક્રિયા માટે નિયમોની એપ્રૂવલ હેન્ડબુક દર વર્ષે જાહેર કરાઈ હતી, પરંતુ ચાલુ વર્ષે AICTE દ્વારા પ્રમથવાર ટેકનિકલ કોલેજો માટેના વર્ષ-૨૦૨૪થી ૨૦૨૭ સુધીના ત્રણ વર્ષના કોમન નિયમો જાહેર કરવામાં આવ્યાં હતા અને વારંવાર લેવી પડતી મંજૂરીની પ્રક્રિયામાથી મુક્તિ આપવામાં આવી હતી. જોકે આ નિયમોમાં કેટલીક ખામીઓ હોવાનું સામે આવતા સુધારા જાહેર કરવામાં આવ્યાં છે. જૂના નિયમ મુજબ કોલેજોમાં તમામ સુવિધા, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ છે કે નહીં તેની તપાસ એક એક્સપર્ટ કમિટી દ્વારા ઓફલાઈન રૂબરૂ હાજર રહી કરવામાં આવતી હતી.

કોલેજ મંજૂરી મળ્યા બાદ રદ કરાવે તો ચાર્જિસ પરત નહીં મળે

નવા સુધારેલા ડ્રાફ્ટમાં કરેલી જોગવાઈ મુજબ ટેક્નિકલ કોલેજોને લેટર ઓફ અપ્રૂવલ મળ્યા બાદ કેન્સલ કરાવવામાં આવશે તો એવી કોલેજોને ટેક્નિકલ એજ્યુકેશન રેગ્યુલેટરી ચાર્જિસ પરત નહીં મળે, માત્ર રેગ્યુલેટરી ડિપોઝિટ જ પરત મળશે. આ સિવાય દિવ્યાંગો માટેની કોલેજમાં શરૂ થયેલી કોલેજ અથવા તો ખાસ મહિલાઓ માટેની કોલેજોને રેગ્યુલેટરી ચાર્જિસમાંથી મુક્તિ આપવામાં આવશે.

ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ
ભારત સરકાર (રેલવે મંત્રાલય) સાહસ
નોટિસ નં. ૨૨/૨૦૨૪-૨૦૨૫ બિડો (માત્ર ઈ-ટેન્ડર) આમંત્રિત
ટેન્ડર નં. DFC_ADI_ENG_FBWLD_8R_PNUN. કામનું નામ : પીએનયૂએન-એસએચયૂએન સેક્શન તથા સીજુએમ, ડીએફસીસીઆઈએલ, અમદાવાદ ઠેકળના સેકશનને જોડતી લાઇનોમાં ફ્રેગ્ડ અને સ્ટ્રાસ્નિક વેલ્ડ ટેસ્ટર દ્વારા ફ્લેશ બટ (એફબી) વેલ્ડોનું યુએસએફડી ટેસ્ટિંગ. ટેન્ડર મૂલ્ય : રૂા. ૩,૫૩,૭૪,૧૧૫.૪૦/-, પૂર્ણાવધિ સમયગાળો: ૧૮ માસ, બિડ સિક્યુરિટી: રૂા. ૭,૦૭,૫૦૦/-, ટેન્ડર દસ્તાવેજ મૂલ્ય : રૂા. ૧૧,૮૦૦/- (૧૦૦૦૦ + ૧૮% જીએસટી), રૂા. ૧૦૦૦૦/- (રૂપિયા દશ હજાર પૂરા) + ૧૮% જીએસટી = રૂા. ૧૧,૮૦૦/- "ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, અમદાવાદ"ની તરફેણમાં ચૂકવણીપત્ર www.ireps.gov.in પરના પેમેન્ટ ગેટવે દ્વારા ઓનલાઇન ચૂકવણી. બિડિંગ પ્રારંભ તારીખ : ૨૮-૧૦-૨૦૨૪, બિડિંગ બંધ થવાની તારીખ અને સમય ૧૫-૧૧-૨૦૨૪ના રોજ ૧૫-૦૦ કલાક સુધી, ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ સરનામું : www.ireps.gov.in, www.ireps.gov.in/ પર www.dfccil.com ની લિંક (આઇઆરઈપીએસ ઇવા ટેક્સ : ૦૧૧-૨૩૩૬૫૧૫૨), ઓફિસનું સરનામું : ચીફ જનરલ મેનેજરની ઓફિસ, ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, ઓસીસી બિલ્ડિંગ 'ડી' ફેબિન રોડ, સાબરમતી, અમદાવાદ – ૩૮૦૦૦૫, ગુજરાત, વેબસાઈટ : આ ટેન્ડર દસ્તાવેજ www.ireps.gov.in, www.dfccil.com ડીએફસીસીઆઈએલની વેબસાઇટ તથા કેન્દ્રીય મર્ચેન્ટ પોર્ટલ eprocure.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડર દસ્તાવેજ માત્ર વેબસાઇટ www.ireps.gov.in દ્વારા જ સબમિટ કરી શકાશે, ઓનલાઇન સિવાયની ઓફર સ્વીકૃત કરવામાં આવશે નહીં. સુધારો/ખાર્યો માત્ર ઉપરોક્ત વેબસાઇટો પર જ મૂકવામાં આવશે.
પ્રોજેક્ટ મેનેજર/સિવિલ
ડીએફસીસીઆઈએલ – અમદાવાદ

ચાંદખેડામાં બે શખ્સોએ કારનો કાચ તોડીને ૪.૭૦ લાખ ચોરી કરીને ફરાર

અમદાવાદ : ચાંદખેડામાં IOC રોડ પર વ્રજ ટેનામેન્ટમાં રહેતા કેવલ પરમાર ન્યુ સીજી રોડ પર ડોમિનોઝની હોટલ ધરાવીને બિઝનેસ કરે છે. તેઓ ધનતેરસના દિવસે ગાંધીનગરથી બેગમાં રૂ.૪.૩૦ લાખ, ૪ જેટલી ચેકબુક લઇને વિસત સર્કલ પાસે આવ્યા હતા. કેવલભાઈ તનિષ્ક જવેલર્સના શોરૂમમાં સોનું ખરીદવા ગયા હતા અને જવેલર્સની બહાર રોડ પર કાર પાર્ક કરી હતી. દરમ્યાન અજાણ્યા બે શખ્સોએ કારનો કાચ તોડીને ૪.૭૦ લાખ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. કેવલ પરમારે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

સુરતના એક મોટા ઉદ્યોગપતિને લોરેન્સ બિશ્નોઈના નામે ધમકી મળ્યાની ચર્ચા

સુરત : ફિલ્મ સ્ટાર સલમાનખાનને મારવાની ધમકી આપનારા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નામથી સુરતના ઉદ્યોગપતિને ધમકી મળ્યાની વાતે હંગામો મચી ગયો હતો. જોકે, આ મામલે પોલીસને ફરિયાદ કરવામાં ન આવતાં ઉદ્યોગપતિ અને આ ધમકીને લઈ રહસ્ય ઊભું થયું છે. પોલીસ કમિશનર અનુપમસિંગ ગેહલોતને પૂછવામાં આવતાં તેમણે પણ આવી ધમકીને લઈ કોઈએ સંપર્ક કર્યો નહીં હોવાનું જણાવ્યું હતું. જોકે, આ વાત પ્રસરતાં તેમણે ક્રાઇમ બ્રાન્ચને તપાસનાં આદેશ છોડ્યા હતા. બીજી વાત એવી પણ ચર્ચાઇ હતી કે, મુંબઈ પોલીસે સર્વેલન્સમાં મૂકેલાં ઈન્ટરનેશનલ કોલની ડિટેઈલમાં આ વાત બહાર આવી હતી. જેમાં એક નંબરથી કેટલાંકને થ્રેટના કોલ ગયા હતા.

માણેકચોકમાં જ્વેલર્સના ત્યાંથી ૫૨.૩૩ લાખની ચોરી કેસમાં બે આરોપીઓ ધરપકડ

અમદાવાદ : માણેક ચોકમાં શ્રી ગોલ્ડ આર્ટ નામની દુકાનમાંથી ગત ૨૨ ઓક્ટોબરની રાત્રે અજાણ્યા બે શખ્સોએ બાથરૂમની બારી તોડીને દુકાનમાં પ્રવેશીને ૪૮.૩૩ લાખની સોનાની લગડી અને ચાર લાખ રોકડ ચોરી કરીને નાસી ગયા મામલે ક્રાઈમ બ્રાન્ચે કલોલના બે શખ્સોની ધરપકડ કરીને સોનાની લગડીઓ જપ્ત કરી છે. મુખ્ય આરોપી જે અગાઉ શ્રી ગોલ્ડ આર્ટમાં નોકરી કરી ચૂક્યો છે તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. નિર્ણયનગર વિસ્તારમાં જયદીપભાઈ સોની પરિવારજનો સાથે રહીને માણેકચોકમાં સાંકડી શેરીમાં શ્રી ગોલ્ડ આર્ટ નામની દુકાન ધરાવીને સોના ચાંદીનો વ્યવસાય કરે છે. ગત. ૨૩ ઓક્ટોબરે રાતના અજાણ્યા શખ્સોએ બાથરૂમની બારીની ગ્રીલ તોડીને દુકાનમાં પ્રવેશીને રૂ.૪ લાખની રોકડ અને ૪૮.૩૬ લાખની સોનાની લગડી ચોરી ગયા હતા.

પશ્ચિમ રેલવે અમદાવાદ
૪ લેન રોડ ઓવરબ્રિજ તથા અન્ય વિવિધ કાર્યો.
ઈ-ટેન્ડર નંબર : Dy.CE-C-V-ADI-DSL-NLY-10 તારીખ : 26.10.2024 ડેપ્યુટી ચીફ એન્જિનિયર સી(વી), અમદાવાદ ભારત સંઘના રાષ્ટ્રપતિ વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. (1) ઈ-ટેન્ડર નંબર : Dy.CE-C-V-ADI-DSL-NLY-10 (2) કામનું નામ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ભુજ નલિયા ગેજ પરિવર્તન પરીયોજના ના સંબંધમાં લેવલ ક્રોસિંગ સંખ્યા 62Km. (90/15-91/1) ના બદલે 4 લેન રોડ ઓવર બ્રિજો અને અન્ય વિવિધ કાર્યોમાટે એપ્રોચ રોડનું નિર્માણ. (3) કામની અંદાજિત કિંમત : ₹95,46,99,838.01 (4) બિડ સુરક્ષા : ₹49,23,500/- (5) ટેન્ડરનો પ્રકાર : બે પેકેટ સિસ્ટમ બે તબક્કામાં રિવર્સ ઓક્શન (6) બંધ થવાનોસમયગાળો : 12 મહિના (ચોમાસા સહિત) (7) બંધ થવાનો સમય અને તારીખ : 22.11.2024 ના 15.00 કલાકે. (8) વેબસાઈટની વિગતો, નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું : ડેપ્યુટી ચીફ એન્જિનિયર સી(વી), પશ્ચિમ રેલવે, અમદાવાદ. વેબસાઈટ : www.ireps.gov.in 69
સામાન્ય માહિતી માટે : facebook.com/WesternRly

સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા Central Bank of India
રીજનલ ઓફિસ
લાલ દરવાજા,
અમદાવાદ-૩૮૦૦૦૧
સુધારો
વેચાણ નોટીસના સંદર્ભમાં ૩૦.૧૧.૨૦૨૪ ના રોજ નિર્ધારિત ઈ-હરાજી માટે ૨૨.૧૦.૨૦૨૪ ના રોજ ધી બિઝનેસ સ્ટાન્ડર્ડ (અંગ્રેજી) અને સંદેશ (ગુજરાતી) માં પ્રકાશિત સરફેસી ઈ-હરાજી/વેચાણ નોટિસ માટે સુધારો
૧. રાજુસ્ટર ગીરવે મૂકેલી મિલકત/ફ્લેટ જે શ્રી અરવિંદભાઇ શંકરભાઇ પરમારના નામે છે, ફ્લેટ નં. સી-૦૩, બ્લોક એ, સ્વપ્ન સાકાર રેસિડન્સી, લાભ મંદિરની પાછળ, નારોલ, અમદાવાદ-૩૮૨૪૪૦, બ્લોક નં. ૬૫૧, મોજે લાભા એસઆરઓ-૧૧ (અસલાલી) અમદાવાદ ગુજરાત, અંદાજિત એરિયા ૮૫ ચો.ગાર્ડ (સુપર બિલ્ટઅપ એરિયા). ચતુઃસીમા : પૂર્વ : બ્લોક નં. એ નો ફ્લેટ નં. સી-૦૬, પશ્ચિમ : સ્ટીમની કમ્પાઉન્ડ વોલ, ઉત્તર : પગથિયાં બ્લોક એ, દક્ષિણ : બ્લોક એ નો ફ્લેટ નં. સી-૦૬ ની જગ્યાને ચતુઃસીમા : પૂર્વ : બ્લોક નં. એ નો ફ્લેટ નં. સી-૦૭, પશ્ચિમ : સ્ટીમની કમ્પાઉન્ડ વોલ, ઉત્તર : પગથિયાં બ્લોક એ, દક્ષિણ : બ્લોક એ નો ફ્લેટ નં. સી-૦૪
૨. રમાનગીરો રહેણાંક ઘર જે શ્રીમતી વૈશાલી મદીપ ઠક્કરના નામે છે તે ફ્લેટ નં. ડી/૫૦૧ અને ડી/૫૦૨, પાંચમો માળ, ડી બ્લોક, ટી.પી. નં. ૩૩, એફ.પી. નં. ૨૩૪/૧, સર્વે નં. ૫૮, મોજે ઝિંઝોલ, તાલુકો દસક્રોઇ, આયોજન નગર સામે, ઘાઘીજણ સર્કલ પાસે, એસ.પી.રિંગ રોડ, અમદાવાદ - ૩૮૨૪૪૫, અંદાજિત એરિયા ૫૬.૫૯ ચો.મી. જેને પ્રત્યક્ષ કબજાની જગ્યાએ સાંકેતિક કબજો વાંચવા વિનંતી.
અધિકૃત અધિકારી
સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયા, અમદાવાદ

ઉત્તર મધ્ય રેલવે
ઈ-ટેન્ડર નોટિસ
ભારતના રાષ્ટ્રપતિ વતી, ઉપ મુખ્ય એન્જિનિયર (ટીએમસી) લાઇન ઝાંસી નીચે આપેલ કામ માટે ઓનલાઇન (ઈ-ટેનડરિંગ) માધ્યમથી ખુલ્લા ટેન્ડર આમંત્રિત કરે છે.
ઈ-ટેન્ડર નં. : JHS-TMC-13-2024 કામનું નામ : આઈઓએચ વર્ક ઓફ ૧૭ ટ્રેક મશીન્સ (સીએસએમ-૦૩, ડુઓ-૦૧, એમપી-૦૧, ડીજીએસ-૦૩, બીઆરએમ-૦૪, આરયીએમબી-૦૧, યુવીટી-૦૪) એટ ટીએમડી ઝાંસી એન્ડ ૨૦ ટ્રેક મશીન્સ (ડિટેક્સ-૦૧, સીએસએમ-૦૪, ડુઓ-૦૧, વીપીઆર-૦૧, યુની-૦૨, એમપી-૦૩, ડીજીએસ-૦૨, બીઆરએમ-૦૨, આરયીએમબી-૦૨, યુટીવી-૦૪ એન્ડ એસએચયૂઆરએસ-૦૧) એટ ટીએમએસડી, આગરા કોર ધ પિરિયડ ઓફ ૩ યર્સ.

અંદાજિત ખર્ચ (રૂ.) : રૂ. ૧૦૨૫૫૩૧૮૦.૫૪	અનામત રકમ (રૂ.) : રૂ. ૬૬૨૮૦૦.૦૦
ટેન્ડર બંધ થવાની તારીખ : ૨૦.૧૧.૨૦૨૪	પૂર્ણ કરવાનો સમયગાળો : ૨૪ માસ

ટેન્ડર તેમની સાથે દર્શાવેલ તારીખે ૧૫:૦૦ કલાક સુધી ઓનલાઇન જમા કરી શકાશે. સંપૂર્ણ વિવરણ તથા ટેન્ડર જમા કરવા માટે ભારતીય રેલવેઝની વેબસાઇટ www.ireps.gov.in પર જુઓ. ટેન્ડર નોટિસ તથા વિવરણ ઉપરોક્ત કાર્યાલયના નોટિસ બોર્ડ પર જોઈ શકાશે.
1883/24(DG)
North central railways @CPRONCR www.ncr.indianrailways.gov.in

નવોદય વિદ્યાલય સમિતિ
શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત સ્વાયત્ત સંસ્થા,
શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, ભારત સરકાર
ધોરણ-૯ અને ૧૧ સત્ર-૨૦૨૫ માં પ્રવેશ પરીક્ષાની ઓનલાઈન અરજી કરવાની તારીખમાં સુધારા અંગેની અધિસૂચના
જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ પરીક્ષા માટે ખાલી પડેલ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી કરનાર તમામ ઇચ્છુક સંબંધિતોને જાણ કરવામાં આવે છે કે જવાહર નવોદય વિદ્યાલય દ્વારા ધોરણ-૯ અને ૧૧ (સત્ર-૨૦૨૫-૨૬) માં પ્રવેશ માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું ચાલુ છે. નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા ફોર્મ ભરવાની અંતિમ તારીખમાં સુધારો કરીને હવે તારીખ ૦૯ નવેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. જે ઓનલાઈન અરજી કરનાર તમામ ઇચ્છુક સંબંધિતોને જાણ સારુ. ઉમેદવારે વેબસાઈટની મુલાકાત લઈને નિશુલ્ક અરજી કરી શકે છે.
For Class IX LEST 2025: https://cbseitms.nic.in/2024/nvsix/
For Class XI LEST 2025: https://cbseitms.nic.in/2024/nvsxi_11/
પ્રકાશક : નવોદય વિદ્યાલય સમિતિ

IL&FS
SALE OF SHARES OF
IL&FS TOWNSHIP & URBAN ASSETS LIMITED ("ITUAL")
Expression of Interest ("EOI") is invited from interested applicants for acquisition of 100% of the issued, subscribed and paid-up equity share capital of ITUAL held by Infrastructure Leasing & Financial Services Limited ("IL&FS") together with all ITUAL's assets (excluding the shareholding of ITUAL in Sabarmati Capital One Limited ("SCOL"), Sabarmati Capital Two Limited ("SCTL") and Hill County Properties Limited ("HCPL") ("Proposed Transaction").
Shareholding held by ITUAL in SCOL, SCTL and HCPL will be transferred to IL&FS prior to the Proposed Transaction.
ITUAL is a wholly owned subsidiary of IL&FS and is primarily engaged in the development of urban infrastructure, real estate and affordable housing. ITUAL focuses on creating infrastructure to support urban habitation, that is, development of integrated townships, affordable housing, sports and social infrastructure.
Interested applicants may refer to https://www.ilfsindia.com/asset-divestment.aspx for the prescribed format of submitting EOI, Process adopted, Terms & Conditions, Eligibility Criteria and the Non-Disclosure Undertaking requirements for participation. Applicants may submit the EOI along with the documents set out therein latest by 5 PM (IST) on December 14, 2024, to properties@ilfsindia.com.
IL&FS reserves the right to suspend, modify or terminate the Proposed Transaction and the process at any time without providing any reasons or incurring any liability to any party and all such information will be made available on https://www.ilfsindia.com/asset-divestment.aspx.

પ્રેસ્ટિજ શુભ ઉત્સવ
તહેવારોની આ મોસમમાં પ્રેસ્ટિજનાં ઈનોવેટિવ ઉત્પાદનો સાથે ઉજવણીની શરૂઆત રસોડાંથી થાય છે!
16 સપ્ટેમ્બર – 15 નવેમ્બર, 2024
ખરીદો સ્વચ્છ ટ્રાઈ-પ્લાય પ્રેશર કૂકર (3L), કિંમત ₹3 870.00 1 યુનિટ + મેળવો મફત* ડ્યૂરાસ્ટોન ઓમની તવા (27 સેમી) કિંમત ₹1 550.00 1 યુનિટ
તમામ ટ્રાઈ-પ્લાય પ્રેશર કૂકર – 2L અને તેથી વધુમાં પણ લાગુ
ખરીદો જજ SS ઇલેક્ટ્રિક કિટલી કિંમત ₹1 265.00 મેળવો ₹599.00 માં 1 યુનિટ
ખરીદો સ્ટેનલેસ સ્ટીલ પ્લેટિના પોપ્યુલર કૂકવેર 3-નંગનો સેટ કિંમત ₹3 825.00 1 સેટ + મેળવો મફત* પોપ્યુલર સ્વચ્છ SS પ્રેશર કૂકર (3L), કિંમત ₹2 420.00 1 યુનિટ
ખરીદો પ્રેસ્ટિજ રોયાલ પ્લસ ગેસ સ્ટવ 3-બર્નર, કિંમત ₹9 995.00 1 યુનિટ + મેળવો મફત* પ્રેસ્ટિજનો જજ 24-નંગ SS ડીનર સેટ, કિંમત ₹3 195.00 અને પોપ્યુલર પ્લસ સ્વચ્છ પ્રેશર કૂકર (3L), કિંમત ₹1 780.00 1 યુનિટ
ખરીદો એન્ડ્યૂરા પ્રો 1000W મિક્સર ગ્રાઈન્ડર કિંમત ₹13 995.00 1 યુનિટ @ 25% ડિસ્કાઉન્ટ* + મેળવો મફત* PGMFB સેન્ડવિચ મેકર કિંમત ₹1 795.00 1 યુનિટ
3,4,6 જાર એન્ડ્યૂરા 1000W મિક્સર ગ્રાઈન્ડર પર પણ લાગુ
ખરીદો ઓસ્કાર સેફસેન્સ™ ચીમની 900મિમી, કિંમત ₹33 645.00 1 યુનિટ @ 25% ડિસ્કાઉન્ટ* + મેળવો મફત* સ્વચ્છ એફિસિઆ હોબ 3-બર્નર કિંમત ₹17 495.00 1 યુનિટ
પ્રેસ્ટિજ ચીમની** સાથે ₹2 249.00નું ડિટ અને ઇન્સ્ટોલેશન મફત
**ઑફર ચીમનીના માત્ર પસંદગીના મોડલ પર લાગુ. ઓસ્કાર સેફસેન્સ™ 600મિમી અને ઓસ્કાર બ્લેક (600 મિમી અને 900 મિમી) પર પણ લાગુ
ખરીદો PIC 3.1 V3 ઇન્ડક્શન કૂકટોપ કિંમત ₹6 070.00 1 યુનિટ + મેળવો મફત* ગ્રેનાઈટ આલ્ફા નોન-સ્ટીક કૂકવેર 3-નંગ સેટ કિંમત ₹3 995.00 1 સેટ
સ્વિશ V4 I PIC 6.1 V3 અને PIC 2.0 V2 પર પણ લાગુ
ખરીદો સ્વચ્છ નીઓ 3-બર્નર ગેસ સ્ટવ, ઝંઝટમુક્ત સફાઈ માટે ઊંચા કરી શકાય તેવા બર્નર સાથે કિંમત ₹11 295.00 1 યુનિટ + મેળવો મફત* સ્વચ્છ ગ્રેનાઈટ નોન-સ્ટીક કૂકવેર 3-નંગ સેટ અને કિંમત ₹4 395.00 અને સ્વચ્છ પોપ્યુલર SS પ્રેશર કૂકર (3L), કિંમત ₹2 420.00 1 યુનિટ
*શરતો લાગુ. અહીં ઉપર જણાવેલી કિંમતો ઉત્પાદનની એમઆરપી છે (તમામ કરવેરા સહિત). ડિસ્કાઉન્ટ્સ ફક્ત એમઆરપી પર આપવામાં આવે છે. બે ઑફરોને ભેગી કરી શકાશે નહીં. 3 યુનિટના આ સ્ટેઇનલેસ સ્ટીલ કૂકવેરમાં ફ્રાય પેન–22 સેમી, કાચનું ઢાંકણું ધરાવતી કઢઈ–22 સેમી, કાચનું ઢાંકણું ધરાવતો સૉસ પેન–16 સેમીનો સમાવેશ થાય છે. ઑફર્સ પસંદગીના મોડેલ્સ પર સ્ટોક પૂરો ન થાય ત્યાં સુધી જ. ઑફર માત્ર પસંદગીના સ્ટોર પર જ માન્ય છે. આ ઑફર તામિલનાડુ, કર્ણાટક, ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્રમાં જ માન્ય છે. પ્રેસ્ટીજનો® લોગો એ ભારતમાં ટીટીકે પ્રેસ્ટીજ લિમિટેડનો નોંધણી પામેલો ટ્રેડમાર્ક છે. જજ® લોગો હોરવૂડ હોમવેર્સ લિ. નો ભારતમાં રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક છે. એમઆરપી અને અન્ય વિગતવાર નિયમો અને શરતો માટે, તમારા નજીકના પ્રેસ્ટિજ એક્સક્લુઝિવ/ડીલર આઉટલેટ્સની મુલાકાત લો.
MADE WITH PRIDE IN INDIA | CUSTOMER CARE NO 080-6000 4411 | Store Locator | Scan to Connect | Shop Online on shop.ttkprestige.com
Prestige
જે સ્વજનોને કરે પ્રેમ, એ પ્રેસ્ટિજને કેવી રીતે કરે ઈજાર.
Prestige Exclusive Ahmedabad: Parimal Garden: Shop No.1 Dev Complex, Opp Parimal Garden, Ambawadi, Ph: 8951388267, 079-40801150; Maninagar: Shop No 4/5/6/&7 Ground Floor Base Upper Level Utsav Complex Nr Maninagar Cross Road Opp Chauhan House Balvatika Maninagar Ahmedabad, Ph: 9414129076; Satellite: Shop No. Gf 6 Vraj Vihar-3, Opp Ashok Nagar Society Gate-1, Premnatirth Derasar Road, Ph: 9712777775; Chandkheda: Shop No.7, Kirtan Complex Sona Cross, New Cg Rd, Behind Planet Health, Chandkheda, Ahmedabad, Gujarat, Ph: 8866373068, 8352693320; Paldi: Jain Super Bazar, 38 Samast Brahmkshatriya Soc. Shantivan, Narayan Nagar Road, Ph: 8488880670, 6356104263; Himmatnagar: 1st Floor, City Centre Complex, Mahaveer Nagar, Gayatri Mandir Road, Ph: 9725211324; Anand: G4, Akshat Arcade, Opp. Telephone Exchange, Nr, Laxmi Cinema, Juna Rasta, Ph: 9033702064; South Bopal: Shoppekart, Ph: 9913764999; Motera, Shoppekart Sindhi Bhavan, Ph: 8141441999, 9913171299;
Also Available At: Ahmedabad West: Ambawadi: Century Selection, Ph: 9228559985; Hbk Enterprise, Ph: 9510586951; Satellite: Shyamal Tirupati Kitchenware, Ph: 9979774733; Vikas Home App, Ph: 9427694411; Lalbhai Amichand Ltd, Ph: 9887333067; Charbhuja Kitchenware, Ph: 6355972270; Shiv Kitchenware, Ph: 9408605548; Jodhpur R: Suraj Sales, Ph: 9978530607; Sadesh Press Road, Ambika Kitchen Ware, Ph: 9712107101; Satellite: Rassi Shop, Ph: 9825025148; Premchand Nagar: Charbhuja Steel, Ph: 9558169901; Shiv Kitchenware, Ph: 9408605549; Vejalpur: Kitchen Corner, Ph: 9898423401; Amiraj Steel Center, Ph: 9904420123; Makarba: Om Kitchenware, Ph: 9601803989; Vastrapur: Ambica Kitchenware, Ph: 26763414; New Ganesh Vasan, Ph: 9725052566; Judges Bunglow: Mahavir Home Appliances, Ph: 9930747441; Thaltej: Rassi Shop, Ph: 9825025148; Ambika Kc, Ph: 9879893613; Krishna Vasan, Jivraj Vasan, Divya Kitchen Acc